غوجاراتي

(શરૂ કરું છું) અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# કુરઆન મજીદ શુ છે ?

કુરઆન મજીદ સમગ્ર સૃષ્ટિના પાલનહાર અને તેનું સર્જન કરનારનું કલામ છે, તેણે પોતાના અંતિમ પયગંબર મુહમ્મદ ﷺ પર ઉતાર્યું, માનવજાતને તેમની રચનાનો હેતુ બતાવવા, અને તેમને તે તરફ માર્ગદર્શન આપવા માટે, જે તેમને આ દુનિયા અને આખિરતમાં સુખ આપશે. અને તેમને મૃત્યુ પછીના કાયમી દુઃખ માંથી મુક્ત કરવા માટે ઉતારવામાં આવ્યું છે, અને કુરઆન મજીદ આકાશીય પુસ્તકો માંથી અંતિમ પુસ્તક છે, તે પાછળની કિતાબોની પુષ્ટિ કરે છે અને તે દરેક શરીઅત માટે અંતિમ કાયદાકીય પુસ્તક છે.

કુરઆન મજીદ એક નિશાની છે અને કાયમી બાકી રહેનાર મુઅજિઝો છે, અને આપ ﷺ ની નુબુવ્વત માટે દલીલ છે, અલ્લાહ તઆલાએ માનવીઓ અને જિન્નોને ચેલેન્જ કર્યું છે કે તેઓ આ પ્રમાણેનું પુસ્તક લઈ આવે, પરંતુ એક સૂરત જ લાવીને બતાવે, તે સૌ લાવી નથી શક્યા, તેઓ સૌ આજીઝ છે.

૧૪00 વર્ષ થઈ ગયા છતાંય ફેરફાર અને બદલવા માટેના હાથ હજુ તેના સુધી પહોંચી શક્યા નથી, અને તે અરબી ભાષામાં સુરક્ષિત છે અને રહેશે, જેમાં તે ઉતારવામાં આવ્યું છે,, કારણ કે અલ્લાહ સર્વશક્તિમાને સમયના અંત સુધી તેને સાચવવાની ખાતરી આપી છે.

કુરઆન મજીદ ઈસ્લામનું મહત્વનું માધ્યમ છે,  અને એક બંધારણ છે, જે માનવીના  જીવનને નિયમન કરે છે, અને તેનો આદેશ દરેક સમય અને જગ્યા માટે છે, એક ઈલાહ, સર્જકની ઈબાદત તરફ બોલાવે છે, અને એક માનવી માટે તેના પાલનહાર અને તેના વિશે શું જાણવું જરૂરી છે, તેનું વર્ણન કરે છે, અને સૃષ્ટિની રચનાની શરૂઆત, અને માનવ સર્જનના તબક્કાઓ, અને ભૂતકાળ તેમજ ભવિષ્યની સ્થિતિઓ વિશે વર્ણન કરે છે, ઉપરાંત અગાઉ પયગંબરોના કિસ્સાઓ પણ વર્ણન કરે છે, તેમજ કઈ રીતે અલ્લાહએ તેમની મદદ કરી અને દુશ્મનોને બરબાદ કર્યા તેનું વર્ણન, તેમાં ઈબાદતો, વ્યવહાર અને સારા અખલાક વિશે જાણકારી આપવામાં આવી છે, અને ખરાબ કૃત્યોની ચેતવણી અને આખિરતના ઠેકાણાં વિશે પણ વર્ણન કરવામાં આવ્યું છે, જન્નત મોમિનો માટે અને જહન્નમ જાલીમો તેમજ કાફિરો માટે તૈયાર કરવામાં આવી છે

અને આ પ્રતિષ્ઠ કિતાબની મહત્વના કારણે, જેને અલ્લાહ તઆલાએ અરબી ભાષામાં ઉતારી છે, અને તેણે આદેશ આપ્યો છે કે આ કિતાબને સમગ્ર માનવજાત સુધી પહોંચાડવામાં આવે, જે આપણને ખુશ કરે છે, હે આ પ્રતિષ્ઠિત કિતાબ પઢનાર !  તમને તમારી ભાષામાં કુરઆનનું ભાષાતર કરવા માટે, તેની સમજૂતી સરળ ભાષામાં વર્ણન કરવા માટે અને તેના અર્થ સમજવા માટે અમે અને એક ટીમે અત્યંત સચોટ જ્ઞાન સાથે  ઝબરદસ મહેનત અને પ્રયત્નો કર્યા છે, કુરઆનનું અનુવાદ ગમે તેટલુ સચોટ કેમ ન હોય,  પરંતુ હજી પણ મુઅજીઝા કુરઆનના ચમત્કારિક લખાણ દ્વારા દર્શાવેલ મહાન અર્થોનું ભાષાતર કરવામાં અછત તો રહેશે જ, જે કોઈપણ માનવી આજીઝ રહેશે, અને જે કોઈ કુરઆન બાબતે વધુ જાણકારી ઈચ્છતો હોય તો અમે તેને એક સલાહ આપીએ છીએ કે તે અરબી ભાષા શીખે, જેમાં કુરઆન મજીદ ઉતારવામાં આવ્યું છે.

દરેક રસૂલો પર અલ્લાહની સલામતી ઉતરે, અને પ્રશંસા ફક્ત સૃષ્ટિના પાલનહાર અલ્લાહ માટે જ છે.

દર્શાવેલ QR કોડ દ્વારા, તમે તમારી ભાષામાં પવિત્ર કુરઆનની આયતોનું અનુવાદ જોઈ શકો છો.

પવિત્ર કુરઆન જ્ઞાનકોશની વેબસાઈટ પર દરેક આયતની સામે સ્થિત નોટ્સ વિન્ડો દ્વારા અનુવાદના વિકાસ માટે તમારા સૂચનો અને ટિપ્પણીઓ મેળવી, અમને આનંદ થશે,

(www.quranenc.com)

જો તમે અમારો સંપર્ક કરવા માંગતા હો, તો તમે અમને ઈમેઈલ કરી શકો છો:

info@quranenc.com

موسوعة القرآن الكريم
QuranEnc.com

www.islamHouse.com